GJKT020099882023

| | | |
|---|---|---|
| આંક | : | ૩૧/બી |
| દાખલ તારીખ | : | ૩૦/૧૧/૨૦૨૩ |
| રજી.લીધા તારીખ | : | ૩૦/૧૧/૨૦૨૩ |
| નિકાલ તારીખ | : | ૧૫/૭/૨૦૨૬ |
| સમય | : | વર્ષ માસ દિવસ |
| | | ૨ ૭ ૧૮ |

(નમુનો:–અ)

| |
|---|
| **મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભુજ–કચ્છ** |
| (એમ.એમ.કુરેશી)<br>ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ |

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| ફોજદારી કેસ નં. | : | ૭૧૨૦/૨૦૨૩ |
| એફ.આઇ.આર.નં. | : | –– |
| ગુનો | : | નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | દિગ્વીજયસિંહ મહેન્દ્રસિહ જાડેજા,<br>રહે.સી.૪૮, નવી રાવલવાડી,<br>નરસિંહ મહેતા નગર, ભુજ–કચ્છ. |
| વિધ્વાન વકીલશ્રી | : | શ્રી કે.એમ.પટેલ |
| આરોપી | : | મહેન્દ્ર નવિનચંદ્ર ભાનુશાલી,<br>રહે.મ.નં.જે.ર, ઓધવપાર્ક–૩,<br>મુન્દ્રા રીલોકેશન સાઇટ,<br>ભુજ–કચ્છ. |
| આરોપીના વકીલશ્રી | : | શ્રી વી.ડી.કનૈયા |

(નમુનો:-બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | -- |
| ફરીયાદની તારીખ | : | ૩૦/૧૧/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | -- |
| પ્લી લીધા તારીખ | : | ૧૦/૧૦/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | -- |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | -- |
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન/ સજા નિર્દોષ | સજા | સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | | | નેગોશીએબલ ઈસ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ | સજા | ૧ વર્ષની સાદી કેદની સજા | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | દિગ્વીજયસિંહ મહેન્દ્રસિહ જાડેજા | ફરીયાદી | ૪ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | તકરારી ચેક |
| ૨ | ૨૫ | ફરીયાદીએ તેના વકીલશ્રી મારફતે મોકલેલ ડીમાન્ડ નોટીસ |
| ૩ | ૨૬ | નોટીસ રજી.એ.ડી.કર્યાની પહોંચ |
| ૪ | ૨૭ | કન્સાઇનમેન્ટ ટ્રેક રીપોર્ટ |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |

(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | - |

**-:: ચુકાદો ::-**

(૧) સદર કામે ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સંબંધો હોઇ, આરોપીને ધંધાર્થે નાણાંકીય જરૂરીયાત ઉભા થતાં ફરીયાદીએ રૂા.૫,૫૦,૦૦૦/- ઉછીના આપેલ, જેના ચુકવણા પેટે આરોપીએ ફરીયાદીને આઇ.સી.આઇ.સી.આઇ.બેંક, ભુજ શાખાનો ચેક નં.૦૦૦૦૩૪૧, તા.૧૧/૮/૨૦૨૩ વાળો પોતાની સહી કરી આપેલ, જે ચેક ફરીયાદીએ તેના બેંક ખાતામાં જમા કરાવતાં તે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે તા.૧૮/૧૦/૨૦૨૩ વાળી ડીમાન્ડ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલાવેલ, જે આરોપીને તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ બજી જવા છતાં તેનો જવાબ આપેલ નથી કે લેણી રકમ ચુકવેલ નથી. આરોપીએ તેના ખાતામાં પુરતું ભંડોળ ન હોવા છતાં ઈરાદાપુર્વક તે ખાતાનો ચેક આપેલ હોઇ,

ફરીયાદીએ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદરહુ ફરિયાદ લગત આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુન્હા સબબ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ, આરોપી સામે ઈસ્યુ કરવામાં આવેલ વોરંટ બજતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતાં આરોપીને ફરિયાદ તથા તે લગત તમામ દસ્તાવેજી પુરાવાની નકલો પુરી પાડી, આંક–૧૨ થી આરોપીનુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુન્હો કબુલ નહી રાખતા સદરહુ કામ ફરિયાદીના પુરાવા માટે મુકરર કરવામાં થયેલ છે.

(૩) આ કામે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની પુરી થયા બાદ તહોમતદારને બચાવ માટે ફરીયાદીની ઉલટ તપાસ કરવા વ્યાજબી અને પુરતી તક આપવા છતાં ઉલટ તપાસ કરેલ ન હોઇ, આરોપીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૪) સદર કામે ફરીયાદીના વિ.વ.શ્રી ની મૌખિક રજુઆત સાંભળી. આરોપી કે તેમના વકીલશ્રી હાજર ન હોઇ દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

–:: મુદા ::–

(૧) શું ફરીયાદી સાબિત કરે છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના બાકી લેણા પેટે આપેલ રૂા.૫,૫૦,૦૦૦/– નો ચેક આપેલ, જે ચેક ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં

વણચુકવ્યા પરત થતાં, ફરીયાદીએ સમય મર્યાદામાં તહોમતદારને ડીમાન્ડ નોટીસ મોકલેલ, જે બજી જવા છતાં તહોમતદાર ફરીયાદીને ચેક ની રકમ નહીં ચુકવીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું આરોપી સાબિત કરે છે કે, ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ની કલમ 139 ના અનુમાનો રીબર્ટ કરી આરોપીએ તેનો સાબિતી બોજો ઉતારી દીધેલ છે ? જો આ પ્રશ્નનો જવાબ હકારાત્મક માં જોવા મળે છે, તો પછીનો પ્રશ્ન ધ્યાનમાં લેવાનો છે?

(૩) શું ફરિયાદપક્ષ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ની કલમ 139 ની ગેરહાજરીમાં, સ્વતંત્ર રીતે નિ:શંકપણે સાબિત કરે છેઆ કામના આરોપી એ કાયદેસરના બાકી લેણા પેટે રૂા.૫,૫૦,૦૦૦/– નો ચેક આપેલ. જે ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વણચુકવ્યા પરત થતાં, ફરીયાદીએ સમય મર્યાદામાં તહોમતદારને ડીમાન્ડ નોટીસ મોકલેલ હોવા છતાં તહોમતદાર ફરીયાદીને ચેકની રકમ નહીં ચુકવીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબની શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૪) શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓનો નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે :–

(૧) હકારમાં.

(૨) નકારમાં

(૩) ચર્ચા કરવામાં આવેલ નથી.

(૪) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**-:: મુદદા નં.૧ ::-**

(૭) પુરાવાનું પૃથ્થકરણ, વિશ્લેષણની શરૂઆત કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન અદાલતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેમજ કયા પાસાને નજરમાં રાખવા તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટે પોતાના વિવિધ ચૂકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈએ તો પ્રસ્તુત કેસના મૂલ્યાંકનમાં તે સિધ્ધાંતો મદદરૂપ થશે. **નામદાર સુપ્રીમ કોર્ટે દિગંબર વૈષ્ણવ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ, ૨૦૧૯(૦) એઆઈઆર (સુ.કો.) પેજ-૧૩૬૭**ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે ક્રિમીનલ જયુરિસ્કુડન્સ પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફોજદારી કેસ સાબિત કરવાનો બોજો હરહંમેશ પ્રોસીકયુશન પર રહેલ છે. વધુમાં શંકાઓ ગમે તેટલી મજબૂત ઉભી થતી હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી અને અદાલત તેવી શંકાઓના આધારે કે શકયતાઓના આધારે આરોપીને દોષીત માની શકે નહી. વધુમાં નામદાર **સુપ્રીમ કોર્ટે યોગેશસિંહ વિરુધ્ધ મહાવીરસિંગ, ૨૦૧૬ (૦)એઆઈઆર (સુ.કો.) પેજ-૫૧૬૦** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ વ્યાજબી શંકારહિત સાબિત કરવાનો થાય છે. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે શ્રીમતી સમીમ વિરુધ્ધ સ્ટેટ ઓફ એનસીટી દિલ્હી, ક્રિમીનલ અપીલ નંબર-૫૬/૨૦૧૮ ના કેસમાં તારીખ ૧૯/૦૯/૨૦૧૮** ના રોજ આપેલ ચૂકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ ક્રિમીનલ ટ્રાયલ એ સત્યની શોધની પ્રક્રિયા છે અને આ પ્રક્રિયામાં અદાલતે એ જોવાનું રહે છે કે, કોઈ નિર્દોષ વ્યકિત ખોટી રીતે સજા ન પામે અને કોઈ દોષીત વ્યકિત છટકી ન જાય.

(૮) ફરિયાદી એ પોતાના કેસને સમર્થન આપવા માટે, ફરિયાદીએ પોતે જ સાક્ષી બોક્સમાં પ્રવેશવા માટે સોગંદનામા પર તેની સરતપાસ આંક-૬ થી રજૂ કરેલ અને તેને ધ્યાનમાં લેવામાં આવી. જે PW.1 તરીકે તપાસવામાં આવેલ છે, જેમાં જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સંબંધો હોઈ, આરોપીને ધંધાર્થે નાણાંકીય જરૂરીયાત ઉભા થતાં ફરીયાદીએ રૂા.૫,૫૦,૦૦૦/- ઉછીના આપેલ, જેના ચુકવણા પેટે

આરોપીએ ફરીયાદીને આઇ.સી.આઇ.સી.આઇ.બેંક, ભુજ શાખાનો ચેક નં.૦૦૦૦૩૪૧, તા.૧૧/૮/૨૦૨૩ વાળો પોતાની સહી કરી આપેલ, જે ચેક ફરીયાદીએ તેના બેંક ખાતામાં જમા કરાવતાં તે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે તા.૧૮/૧૦/૨૦૨૩ વાળી ડીમાન્ડ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલાવેલ, જે આરોપીને તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ બજી જવા છતાં તેનો જવાબ આપેલ નથી કે લેણી રકમ ચુકવેલ નથી. આરોપીએ પોતાના ખાતામાં પુરતું ભંડોળ ન હોવા છતાં ઈરાદાપુર્વક તે ખાતાનો ચેક આપેલ હોઇ, ફરીયાદી સાથે નેગો. ઈ. એકટની કલમ ૧૩૮ તથા ૧૪૨ અન્વયે તથા છેતરપીંડીં કરેલ હોઇ, આ કામનાં આરોપીએ ઉકત ઉછીની લીધેલ રકમ ચુકવવામાં કસુર કરતા આ કામનાં આરોપીને નેગો.ઈ.એકટની કલમ ૧૩૮ તથા ૧૪૨ અન્વયે સજા કરી તથા ચેકમાની બમણી રકમનો દંડ કરી તે રકમમાંથી ફરીયાદીની લેણી રકમ વસુલી આપવા નમ્ર અરજ કરેલ છે.

(૯) ફરીયાદીએ પોતાના કેસને સમર્થન માં દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. ફરિયાદીએ તેના સોગંદનામાના પુરાવામાં બાકી રહેલ લેણી રકમ પેટે રૂા.૫,૫૦,૦૦૦/- નો ચેક આરોપી દ્વારા તેની જવાબદારીના નિકાલ માટે આપેલ, જે અપુરતા ભંડોળના શેરા થી વગર સ્વિકારે પરત ફરેલ છે. ફરીયાદી એ આરોપીને કાનૂની ડિમાન્ડ નોટિસ આપેલ છે જેનું પાલન આરોપીએ કરેલ નથી. આ સંજોગોમાં, N.I. એક્ટની કલમ 138 હેઠળની કાનૂની જરૂરિયાતોનું પાલન થયું છે કે નહીં તે તપાસવા માટે ફરિયાદી દ્વારા આધાર તરીકે રજૂ કરાયેલા દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરીએ. આંક-૨૪ થી આરોપીએ આપેલ તકરારી ચેક, આંક-૨૫ થી ફરીયાદીએ આરોપીને આપેલ લીગલ નોટીસ, આંક-૨૬ થી નોટીસ રજી.એ.ડી.કર્યાની પહોંચ, આંક-૨૭ થી કન્સાઇનમેન્ટ ટ્રેક રીપોર્ટ રજુ રાખેલ છે. આ ફરિયાદ તારીખ ૩૦/૧૧/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી દ્વારા આધાર તરીકે રજૂ કરાયેલા દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ દર્શાવે છે કે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની કાનૂની જરૂરિયાતોનું પાલન કરવામાં આવ્યું છે અને આ ફરિયાદ સમયસર દાખલ કરવામાં આવી

છે. ફરિયાદીએ પોતાને આંક–૪ થી તપાસ કરીને અને દસ્તાવેજો રજૂ કરીને પોતાની પ્રારંભિક જવાબદારી નિભાવી છે. આમ, ફરિયાદી N.I. એક્ટની કલમ 139 સાથે વાંચેલી કલમ 118 હેઠળની કાનૂની ધારણાઓ પર આધાર રાખવા માટે હકદાર છે. કલમ 118 વંચાણે લેતા – Until the contrary is proved, the following presumptions shall be made: (a) of consideration; that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration; તેમજ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 139 **Presumption in favour of holder**.—It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability. ઉપરોક્ત કલમો નું સંયુક્ત વાંચન એક ધારકની તરફેણમાં એવી ધારણા ઊભી કરે છે કે તેને કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી સંપૂર્ણ અથવા આંશિક રીતે જવાબદારી ના ડિસ્ચાર્જ માટે ચેક મળ્યો છે. જેથી ફરિયાદી એ તકરારી ચેક નો એકઝિક્યુશન પુરવાર કરેલ છે .

(૯.૧) ઉપરાંત આરોપી એ તકરારી ચેક પરના પોતાના હસ્તાક્ષર નો સ્વીકાર પરોક્ષ રીતે કરેલ છે. કોઈ પણ તબક્કે ચેકની ઉપર ની સહી અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી, અને જો માત્ર દલીલના હેતુસર વિવાદ માન્યો પણ હોય, તો પણ ચેક ઉપર ની પોતાની સહી બેંક માં સ્પેસિફાઈડ નમૂના થી વિપરીત ની હોય અને તે સાબિત કરવા બેંક ના સબંધિત અધિકારી ને તપાસવામાં આવે તે માટે ટ્રાયલ કોર્ટ સમક્ષ કોઈ અરજી પણ રજૂ કરવામાં આવી નથી.

(૯.૨) એક વખત આ તથ્ય સ્વીકારવામાં આવે કે ચેક પરના હસ્તાક્ષર આરોપીના જ છે, ત્યારે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ **139** મુજબ કાયદેસર દેવું કે જવાબદારી અંગે અનુમાન (presumption) ઊભું થાય છે કે તે ચેક એવી કાનૂની રીતે વસૂલ કરી શકાય તેવી રકમ અથવા જવાબદારી માટે આપવામાં આવ્યો છે. નિશ્ચિતરૂપે, આ અનુમાન rebuttable છે, અને ત્યારબાદ તેનો સાબિતીની બોજો આરોપી પર ફરે છે કે તે સંભાવીત (probable) બચાવ રજૂ કરીને આ અનુમાનને ખંડિત કરે.

(૯.૩) બીજી તરફ, "Presumption" (અનુમાન)નો શાબ્દિક અર્થ છે — "કોઈ વસ્તુને તપાસ અથવા પુરાવા વિના સાચી માનવી." **Kumar Exports v. Sharma Exports**, (2009) 2 SCC 513 માં નામદાર સુપ્રીમ કોર્ટે "presumption" ને આ રીતે વ્યાખ્યાયિત કર્યું હતું કે — "એવા ઉપાય (devices) તરીકે, જેના દ્વારા અદાલતોને એ હક અને સત્તા મળે છે કે તેઓ કોઈ મુદ્દા પર નિર્ણય આપી શકે, ભલે પુરાવા ન હોય અથવા પુરતા ન હોય."

(૯.૪) નામદાર સુપ્રીમ કોર્ટે **G. Vasu v. Syed Yaseen (supra)** ના કેસમાં સ્પષ્ટ કરી છે. **"Presumptions"** (અનુમાનો) બે પ્રકારના હોય છે — **Presumptions of factPresumptions** અને **Presumptions of law** . "Presumptions of fact are rebuttable by evidence to the contrary. Presumptions of law may be either irrebuttable (conclusive presumptions), so that no evidence to the contrary may be given or rebuttable. A rebuttable presumption of law is a legal rule to be applied by the Court in the absence of conflicting evidence"

(૯.૫) ઉપરોક્ત કેસની હકીકત, દસ્તાવેજી પુરાવા અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓના પ્રકાશમાં, હાલના કેસમાં ફરિયાદીએ

નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 ની કલમ 138 હેઠળની તમામ કાનૂની જરૂરીયાતોનું પાલન કર્યું હોવાનું સ્પષ્ટ થાય છે. ફરિયાદીએ પોતાના સોગંદનામા તથા દસ્તાવેજી પુરાવા દ્ધારા ચેકની ઈસ્યૂઅન્સ, તેની રજૂઆત, વણચુકવ્યો ચેક પરત થવું, તથા કાયદેસરની નોટિસ આપવાની કાર્યવાહી તથા સમયમર્યાદામાં ફરિયાદ દાખલ કરવાનું પુરવાર કર્યું છે. આ રીતે, ફરિયાદી દ્ધારા પોતાની પ્રારંભિક જવાબદારી નિભાવીને કલમ 139 સાથે વાંચેલી કલમ 118 હેઠળની કાનૂની ધારણા (presumption)નો લાભ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. જેમ નામદાર સુપ્રીમ કોર્ટે *K. Bhaskaran vs Sankaran Vaidhyan Balan And Anr (AIR 1999 SUPREME COURT 3762)* કેસમાં સ્પષ્ટ કર્યું છે કે કલમ 138 નો ગુનો ત્યારે પૂર્ણ થાય છે જ્યારે ચેકની ઈસ્યૂઅન્સથી લઈને ચુકવણી ન થવાની પ્રક્રિયા સુધીની તમામ કાનૂની ઘટનાઓ જોડાઈને બને છે, તેવી જ રીતે વર્તમાન કેસમાં તે તમામ ઘટકો ની હાજરી ફરિયાદી દ્ધારા સાબિત કરેલ છે. જેથી, ફરિયાદી દ્ધારા રજૂ કરાયેલ પુરાવા અને કાનૂની સ્થિતિને ધ્યાનમાં લેતા સ્પષ્ટ થાય છે કે આરોપીએ ચેકની રકમ ચૂકવવામાં નિષ્ફળતા દર્શાવી છે, અને તેની વિરુદ્ધ કલમ 138 હેઠળનો ગુનો સાબિત થાય છે. આથી **મુદ્દા નં. ૧** નો જવાબ **હકારમાં** ઠરાવવામાં આવે છે.

**-:: મુદ્દા નંબર ૨::-**

(૧૦) હવે જ્યારે ફરિયાદી પક્ષ દ્ધારા ચેકનું એકઝિક્યુશન પુરવાર કરેલ છે ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે, શું આરોપી સાબિત કરે છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ 139 ના અનુમાનો રીબર્ટ કરી આરોપીએ તેનો સાબિતી બોજો ઉતારી દીધેલ છે ?

(૧૦.૧) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ 139 ના અનુમાનને નકારવા અને તેનાથી વિપરીત સાબિત કરવા માટે, આરોપીને સંભવિત બચાવ લેવાની છૂટછાટ છે, જેમાં કાયદાકીય રીતે અમલી બનેલી દેવું અથવા જવાબદારીના અસ્તિત્વને પડકારી શકાય છે. કલમ 139 માં "જ્યાં સુધી વિપરીત સાબિત ન થાય ત્યાં સુધી" એ શબ્દોનો અર્થ એ નથી કે આરોપીએ અચૂકપણે નકારાત્મક સાબિત કરવું જ જોઈએ કે ચેક કોઈપણ

દેવું/જવાબદારી ચૂકવવા માટે આપવામાં આવ્યું નથી, પરંતુ આરોપી પાસે કોર્ટને રજૂઆત કરવાનો વિકલ્પ છે કે તે ચેક કાયદેસરના દેવું/જવાબદારીની ગેરહાજરી કે અસ્તિત્વમાં નથી ની સંભવિત કેસની પરિસ્થિતિઓ હેઠળ એક સમજદાર માણસ ની જેમ વિચારી માનવામાં આવે. તે રીતે કોર્ટે કાર્ય કરવું જોઈએ. આમ, આરોપી પાસે બે વિકલ્પો રહેલ છે.

(૧૦.૨) પહેલો વિકલ્પ એટલે એ સાબિત કરવું કે દેવું/જવાબદારી અસ્તિત્વમાં નથી – બચાવ પુરાવા રજૂ કરવા અને નિશ્ચિતપણે સાબિત કરવું કે ચેક દેવું/જવાબદારી ચૂકવવા માટે આપવામાં આવ્યો ન હતો.

(૧૦.૩) બીજો વિકલ્પ કેસની ચોક્કસ પરિસ્થિતિઓનો સંદર્ભ લઈને સંભાવનાની વધુતા દ્વારા દેવું/જવાબદારીની ગેરહાજરી સાબિત કરવી છે. જે દર્શાવવા માટે આરોપી મૂળ ફરિયાદમાં ફરિયાદીનું વર્ઝન, કાયદાકીય/ડિમાન્ડ નોટિસ ની હકીકતો, ટ્રાયલમાં ફરિયાદીનો કેસ, તેમજ ડિમાન્ડ નોટિસ ના જવાબ માં તેમજ આરોપીના સી.આર.પી.સી. કલમ – 313 ના નિવેદનમાં, તેમજ દલીલો માં ચેક કયાં પરિસ્થિતિઓ હેઠળ ઇસ્યૂ કરવામાં આવ્યો હતો તે અંગે આરોપી બધા જ સંભાવના ઉપરથી ચેક કોઈ દેવું/જવાબદારી માટે ઇસ્યુ કરવા માં આવેલ નથી તેવું પ્રીપોન્ડરેન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલું દર્શાવી શકે છે.

(૧૦.૪) આરોપીને પોતાનો બચાવ રજુ કરવાની સૌપ્રથમ તક ડિમાન્ડ નોટીશના જવાબ રજુ કરી કરવાની હોય છે. હાલના કેસમાં આરોપી દવારા ડીમાન્ડ નોટીસનો કોઇ જવાબ રજુ રાખેલ નથી.

(૧૦.૫) ત્યારબાદ આરોપીને ફરીયાદીની ઉલટતપાસમાં પોતાનો બચાવ રજુ કરવાની તક આપવામાં આવેલ છે, પરંતુ આરોપીને વ્યાજબી તેમજ પુરતી તક આપવા છતાં તેઓએ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ ન હોઇ, ફરીયાદીની ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૧૧) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 118 અને 139 ના અનુમાનો વિરુધ્ધનું સાબિત કરવા માટે આરોપી દ્વારા કોઈ જ બચાવ લેવામાં આવેલ નથી. આ સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો, રેકર્ડ પરનો તમામ

પુરાવા નું મુલ્યાંકન કરતા અને ખાસ કરીને આ કામે સવાલવાળા ચેકમાં આરોપી ની સહી હોવાની હકીકત અંગે તકરાર લેવામાં આવેલ નથી. હાલના કેસ માં ફરીયાદીની ઉલટ તપાસ આરોપી ધ્વારા કરવામાં આવેલ નથી અને કોઇ બચાવ લેવામાં આવેલ નથી. આરોપીને પૂરતી તક આપેલ હોવા છતાં પોતાનો બચાવ રજૂ કરવા માટે હાજર રહેતા નથી. આ તબકકે ના. ગુજરાત હાઈકોર્ટ ના Manoj Sompura Vs. State of Gujarat, reported in 2023(0) AIJEL-HC 247313 ના ચુકાદા માં ઠરાવેલ છે કે:

"14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the Trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remained present on the next date of trial when his further statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately the petitioner had chosen to remain absent from the trial proceedings from the date of his further statement u/s. 313 of Cr.P.C. was recorded, but before it could be exhibited."

આમ, હાલના કેસ માં આરોપીને ઉલટ તપાસ લેવાની પૂરતી તક આપેલ હોવા છતાં હાજર રહેલ નથી. જેથી અનુમાનો રીબર્ટ કરવા માં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નંબર – ૨** નો જવાબ **નકારમાં** આપવા માં આવે છે.

**-:: મુદ્દા નં.૩, ૪::-**

(૧૨) મુદદા નં.૨ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવેલ હોય, મુદા નં.૩,૪ ની ચર્ચા કરવા ની જરુરીયાત ઉભી થતી નથી. જયારે આ કામે હાલના આરોપી દવારા ફરીયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા/જવાબદારી પેટે આપેલ હોવા સામે બચાવ સાબિત કરી શકેલ નથી

અને મુદદા નં.૧ અને ૨ ની ચર્ચા કર્યા મુજબ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. જે મુદદા નં.૪ માટેના હુકમ કરતા પહેલા ઉપર જણાવ્યા મુજબના કારણોને ધ્યાનમાં રાખીને, ફરિયાદીએ આરોપીના ગુનાહને સાબિત કરેલ છે જે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ 138 હેઠળ સજાપાત્ર છે. માનનીય સુપ્રીમ કોર્ટેનો **Mohammad Ali Versus Sharanappa,** 2025 (0) **AIJEL-SC** 75727 ના કેસમાં, માં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે :

> "11. In this context, we would refer to the judgment of this Court in R. Vijayan vs. Baby, (2012) 1 SCC 260 in which Section 357 of the Code of Criminal Procedure, 1973 (for short, CrPC) has been interpreted wherein it has been observed that Section 138 of the Act authorises the learned Magistrate to impose by way of fine an amount which may extend to twice the amount of cheque, with or without imprisonment. In all such cases, where there is a conviction, there should be a consequential levy of fine of an amount sufficient to cover the cheque amount. There could also be interest on the cheque amount, followed by award of such amount as compensation from the fine amount."

(૧૩) આમ, સદર કેસ માં ચેક આપવાની તારીખ અને ઈન્સાફી કાર્યવાહીની લંબાઈને ધ્યાનમાં રાખીને, ચેક રકમ પર વાજબી વ્યાજ સાથે ખર્ચ ચૂકવવા જરૂરી છે. જેથી, ટ્રાન્ઝેક્શન થયેલા સમય અને જોગવાઈના મુખ્ય હેતુને ધ્યાનમાં રાખીને, આ કોર્ટ એમ માને છે કે, સજાત્મક સજા ફરમાવવાની સાથે, જો દંડની સજા ફરમાવવામાં આવે અને ફરિયાદીને તેના નાણાકીય નુકસાન માટે વળતર આપવાનો આદેશ આપવામાં આવે, તો ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 357 હેઠળ વળતર આપીને ન્યાયના હેતુઓ પૂર્ણ થશે. જે વળતર ની રકમ વિવાદિત ચેક હેઠળ આવરી લેવાયેલી રકમ, ચેકની તારીખ, વ્યાજ, ઈન્સાફી કાર્યવાહી નો સમય વગેરે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને, દંડ ફરમાવવો વાજબી અને યોગ્ય છે, જેમાં દંડ ની રકમમાં

વ્યાજ અને ખર્ચનો સમાવેશ થાય છે, જે દંડ ની રકમ વળતર તરીકે ફરિયાદીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 357 હેઠળ આપવો યોગ્ય જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :

**– :: હુકમ ::–**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે આ કામના આરોપી મહેન્દ્ર નવિનચંદ્ર ભાનુશાલી, રહે.મ.નં.જે.૨, ઓધવપાર્ક–૩, મુન્દ્રા રીલોકેશન સાઇટ, ભુજ–કચ્છ નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ સાથે વાંચતા કલમ– ૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧ (વર્ષ) ની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વિશેષમાં આરોપીએ ફરીયાદીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૫૭ ના પ્રબંધો મુજબ રૂ.૬,૬૦,૦૦૦/– (રૂા.૫,૫૦,૦૦૦/– ચેકની રકમ + રૂા. ૧,૧૦,૦૦૦/– વળતર પેટેના ) હુકમની તારીખથી છ માસમાં વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતર પેટેની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૨ (બે) માસ લેખેની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી આજરોજ હાજર રહેલા ન હોય, આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઇસ્યુ કરવું.

(૪) આરોપી હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી હુકમની એક નકલ આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૩૬૩ અન્વયે વિનામુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તા. ૧૫/૭/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ. GJ01472